મોટાનું પગલું

— જગદીશ ધનેશ્વર ભટ્ટ

ગીર જેવું જંગલ, જંગલમાં સિંહ, દીપડા, રીંછ, શિયાળ જેવાં પ્રાણીઓ રહે. જંગલની આસપાસ ભરવાડના નેસડા, નેસડામાં ભરવાડો વસવાટ કરે. ભરવાડ ગાય, ભેંસ, ઘેટાં, બકરાં વગેરે પ્રાણીઓ પાસે તેનાં દૂધ, ઘીથી ગુજરાન ચલાવે. દિવસે ભરવાડો જાનવરોને જંગલમાં ચરવા લઈ જાય. સાંજે સંભાળીને પાછાં લાવે. ભરવાડો જંગલી પ્રાણીઓથી ગભરાય નહીં.

ભરવાડ એકવાર જાનવરોને જંગલમાં ચરવા લઈ ગયો. સાંજ પડી. પ્રાણીઓને હાકલ કરી. તેની હાકલ સાંભળી પ્રાણીઓ ટપોટપ ભેગાં થઈ તેની સાથે પાછાં ફરે. એક બકરીનું બચ્ચું પાછું ફરી ના શક્યું. પહાડ પરથી ગબડવાથી પગ ભાંગી ગયેલો. ભરવાડ પણ જોવાનું ભૂલી ગયો. બચ્ચું એકલું રહી ગયું. પણ થોડું સમજદાર હતું. તે બકરીની માએ એક દિવસ કહેલું કે જંગલમાં રાજા સિંહ છે. તેણે પોતાની નજીકમાં સિંહનું પગલું જોયું. તે ધીરે ધીરે ઘસડાતું સિંહના પગલાની છાપ પાસે પહોંચ્યું અને પગલું ભૂંસાય નહીં તેવી રીતે તેની પાસે બેસી ગયું.

રાત પડી. એક ખૂંખાર વરુ આવ્યું. તે બચ્ચા પર હુમલો કરવા ગયું. બચ્ચાએ કહ્યું : ખબરદાર મારા પર હુમલો કર્યો છે તો. મને તો વનના રાજા સિંહે અહીં બેસાડયું છે. વરુને વિશ્વાસ ના આવ્યો. ખરેખર પગલું તેણે ઓળખ્યું. બચ્ચાને હેરાન કરવાથી સિંહ પોતાને જીવતો નહીં છોડે. વરુ જીવ બચાવવા ભાગી છૂટ્યું.

થોડી વારમાં રીંછ આવ્યું તેણે પણ સિંહનું પગલું જોયું. બચ્ચાને કાંઇ કરવા જતાં સિંહ ફાડી ખાશે તે બીકે ભાગ્યું. મધરાત પહેલાં દીપડો આવ્યો તેને મજા પડી. તેની જીભ સળવળી આજે તો સામેથી શિકાર મળશે માની રાજી થયું. બચ્ચાની પાસે આવી હુમલો કરવા જતો હતો ત્યાં બચ્ચાએ કહ્યું દીપડાભાઈ ! આઘા રહેજો, સિંહનું મહેમાન છું....મને હેરાન કરશો તો સિંહ તમને નહીં છોડે. દીપડો અટકી ગયો. જોયું તો સિંહનું પગલું. પોતાની સલામતી સમજીને પલાયન થયું.

મધરાત થઈ ગર્જના કરતો સિંહ નીકળ્યો. બધાં પ્રાણીઓ આઘાંપાછાં થઈ ગયાં. સિંહને દૂરથી કૌતુક લાગ્યું. રસ્તા વચ્ચે બકરીનું બચ્ચું અત્યાર સુધીમાં કેટલાંય પ્રાણી આવી ગયા હશે તો આ શી રીતે જીવ્યું ? સિંહ તો વનનો રાજા – ધીરે ધીરે બકરીના બચ્ચા પાસે આવ્યો. બકરીનું બચ્ચું સિંહને ઓળખી ગયું. તેણે સિંહને પ્રણામ કર્યા. ''અલ્યા ! તું શી રીતે બચ્યું ?'' સિંહને પૂછ્યું અને બચ્ચાએ તેની વાત કરી. પોતાના પગલાની છાપ ઓળખી. તેનાથી રક્ષણ મેળવનાર બચ્ચા પ્રત્યે તેને વહાલ આવ્યું. તેણે જાણી લીધું કે બચ્ચું ભૂખ્યું તરસ્યું છે. સિંહે ત્રાડ નાંખીને હાથીને હાકલ કરી. હાથી દોડતો આવ્યો. હાથીને સિંહે આ બચ્ચાને માથે ઊંચકી લઈ જવા–લાવવા કહ્યું. અને બચ્ચું ખાઈ–પી, રમીને કહે ત્યારે પોતાની બોડમાં મૂકી જવા જણાવ્યું. બચ્ચું સાજું થયું ત્યાં સુધી આ પ્રમાણે ચાલ્યું.

મહાન શૂરવીરોનો સથવારો જીવનમાં ઉપયોગી હોય છે.

■